**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૯ ટકા

# કોરોના ઈફેકટ : શહેરના માર્ગો પર ટ્રાફિક જામ વધ્યા...!!

## ટ્રાફિકમાં વાહનોની સંખ્યા વધવા સાથે નવા-જૂના સચિવાલય, સરકારી ભવનો-કચેરીઓ સહિત કોમર્શિયલ વિસ્તારોના પાર્કિંગ લોટમાં આડેધડ પાર્કિંગની સમસ્યા વધી : ટ્રાફિક સિગ્નલો પર કતારો વધુ લાંબી થઈ

ગાંધીનગર, તા.૨૫
એક સમય એવો હતો કે કોરોના લૉકડાઉનને કારણે માર્ગો તદન ભેંકાર ભાસતા હતા જયારે હવે એવો સમય છે કે કોરોનાને કારણે જ માર્ગો પર ટ્રાફિક જામ વધી રહ્યા છે. એટલું જ નહીં પરંતુ ગાંધીનગરમાં નવા-જૂના સચિવાલય સહિત દરેક કોમર્શિયલ વિસ્તારોમાં પણ પાર્કિંગમાં વાહનો વધુ જોવા મળી રહ્યા છે જેને કારણે આડેધડ પાર્કિંગની સમસ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.

કોરોના મહામારીએ જનજીવનમાં અનેક પ્રકારના પરિવર્તનો આણ્યા છે એક તરફ નાગરિકો સાદગીપૂર્ણ જીવનશૈલી અપનાવી બિનજરૂરી ખર્ચા પર કાપ મુકી રહ્યા છે જેના કારણે માર્કેટમાં મંદી પ્રવર્તી રહી છે તો બીજી તરફ પર્સનલ વ્હિકલ્સનો ઉપયોગ વધી રહ્યો છે જેના કારણે ટ્રાફિકની અને પાર્કિંગની સમસ્યા વધુ વકરતી જઈ રહી છે. આમ જુઓ તો અત્યારે ટુરિઝમ, ફુડ, ટેક્ષ્ટાઈલ સહિત ઓટોમોબાઈલ ઉદ્યોગ પણ મંદીના ભરડામાં છે અને વાહનોનું વેચાણ તળીયે પહોંચ્યું છે પરંતુ માર્ગો પર વાહનોની સંખ્યા વધી છે જેનું કારણ પણ કોરોના છે. કોરોના સંક્રમણની ભીતિને કારણે નાગરિકો ખાસ કરીને નોકરિયાતો અને વ્યવસાયિકો હવે પોતાના નોકરી-વ્યવસાયના સ્થળે આવવા જવા માટે જાહેર પરીવહન એટલે કે પબ્લિક ટ્રાન્સપોર્ટના બદલે પોતાના વાહનનો ઉપયોગ કરવાનું હિતાવહ માની રહ્યા છે. ગાંધીનગરમાં નવા-જૂના સચિવાલય સહિતની તમામ સરકારી ભવનો-કચેરીઓમાં અમદાવાદ સહિત ગાંધીનગરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી અપડાઉન કરતા અધિકારીઓ-કર્મચારીઓની સંખ્યા ખૂબ મોટી છે. અત્યારે એસટી બસો ચાલુ થઈ છે પરંતુ તેમાં સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન ફરજિયાત હોવાથી મર્યાદિત સંખ્યામાં મુસાફરો મુસાફરી કરી શકે છે. આ કારણે નોકરી માટે અપડાઉન કરતા અધિકારીઓ-કર્મચારીઓને વહેલાં નીકળવું પડે તેમજ જાહેર પરિવહનમાં વાયરસ સંક્રમણની ભીતિ સતાવે છે જેના કારણે તેઓ હવે જે પોતાનું વાહન કાર કે સ્કૂટર અથવા બાઈક ઘરે મુકી રાખતા હતા તે જાતે ડ્રાઈવ કરીને નોકરીએ આવવાનું વધુ પસંદ કરી રહ્યા છે. ગાંધીનગરમાં જ રહેતા કર્મચારીઓ જેઓ શટલિયા કે સીટી બસનો ઉપયોગ કરતા હતા તે હવે ઓફિસો કે નાગરિકો માર્કેટમાં જવા માટે પોતાનું વાહન લઈને જવાનો આગ્રહ રાખી રહ્યા છે જેના કારણે સરકારી કચેરીઓના પાર્કિંગ લોટથી માંડીનો કોમર્શિયલ વિસ્તારોના પાર્કિંગ લોટમાં અત્યારે વાહનોની ભરમાર ખડકાય છે જેના કારણે પાર્કિંગની જગ્યા માટે ખેંચતાણ થાય છે અને આડેધડ પાર્કિંગની સમસ્યા પણ વકરી રહી છે.




### શેરીંગ વ્હિકલની સીસ્ટમને પણ પડયો ફટકો..!!

કોરોના વાયરસનું સંક્રમણ નાત-જાત અમીર-ગરીબ, પુરુષ-મહિલા કે અધિકારી-વેપારી-લારીવાળો કે પટાવાળો તેવા કોઈ ભેદ કરતું નથી અને ગમે તેને લાગી શકે છે. આ સ્થિતિમાં અગાઉ જે પર્યાવરણને ધ્યાનમાં રાખીને કે અપડાઉનના ખર્ચને ધ્યાનામાં રાખીને વ્હિકલ શેરીંગની પ્રથા શરૂ થઈ હતી જેમ કે અમદાવાદના એક જ વસ્તારમાંથી આવતા સચિવાલયના કર્મચારીઓ વારાફરથી એકબીજાની કાર લઈને એક સાથે આવે તે સીસ્ટમ અત્યારે સદંતર બંધ થઈ ગઈ છે અને શેરીંગ વ્હિકલમાં આવતા અધિકારીઓ-કર્મચારીઓ હવે પોતાનું વ્હિકલ લઈને આવવાનું અને અન્ય કોઈને લીફટ આપવાનું ટાળવાનું પસંદ કરી રહ્યા છે.

# સિવિલ તંત્રનો સપાટો : ૧૧ સરકારી આવાસ ખાલી કરાવ્યા

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આવેલા રહેણાંક મકાનોમાં નિવૃત પછી અડ્ડો જમાવીને બિન અધિકૃત તરીકે રહેતા કર્મચારીઓ તેમજ પેટા ભાડુઆત સહિત ૬ જેટલી મેસ પણ બંધ કરાવી ૧૧ જેટલા સરકારી આવાસો સિવિલ તંત્રએ ખાલી કરાવ્યા છે. આ તમામ સરકારી આવાસો વેઈટીંગ લીસ્ટમાં રહેલા નર્સિંગ સ્ટાફના કર્મચારીઓને તાત્કાલીક ધોરણે ફાળવી દેવામાં આવ્યા હતા.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારી ભાઈ બહેનોનું સરકારી આવાસ માટે લાંબુ લચક લિસ્ટ પડ્યું છે. કર્મચારીઓ અન્ય સેકટરમાં ઉંચા ભાડા આપી રહે છે. ત્યારે સિવિલ કેમ્પસમાં કેટલાક કર્મચારીઓ નિવૃતી બાદ પણ બિન અધિકૃત રીતે અડ્ડો જમાવી રહેતા હતા. જયારે કેટલાક મકાનમાં પેટાભાડુઆત રહેતા હોવાનું પણ તંત્રના ધ્યાને આવ્યું હતું. જયારે સરકારી મકાનમાં બિનઅધિકૃત રીતે ધમધમતી મેસ પણ મોટાભાગની બંધ કરાવી દેવામાં આવી છે. આ પ્રકારના નાગરીકોને શોધીને બહાર કાઢવામાં આવ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સત્તાધિશો દ્વારા ખાસ ડ્રાઈવ યોજીને માત્ર ગણતરીના દિવસોમાં જ ૧૧ જેટલા મકાન ખાલી કરાવી દેવામાં આવ્યા છે. તે ઉપરાંત આ તમામ મકાનો નર્સિંગ સ્ટાફના કર્મચારીઓને ફાળવી દેવામાં આવ્યા છે. ત્યારે આગામી સમયમાં પણ બિનઅધિકૃત કબ્જો જમાવીને રહેતા નાગરીકોને તંત્ર દ્વારા મકાન ખાલી કરાવી દેવામાં આવશે.

### સિવિલના તંત્રની ડ્રાઈવથી નર્સિંગ સ્ટાફમાં ખુશીની લ્હેર

છેલ્લા ઘણા સમયથી બિનઅધિકૃત રીતે આવાસો પર અડ્ડો જમાવીને બેઠેલા નિવૃત કર્મચારી, પેટાભાડુઆત અત્યાર સુધી સરકારી મિલકતોને બાપીકી મિલકત સમજી તેનો દુરઉપયોગ કરી રહ્યા હતા. જયારે બીજી તરફ નર્સિંગ સ્ટાફના કર્મચારીઓ આવાસ મેળવવાના હકદાર હોવા છતા તેનાથી વંચિત રહી જવા પામ્યા હતા. સિવિલ તંત્રના આ સપાટાથી નર્સિંગ સ્ટાફમાં ખુશીની લ્હેર જોવા મળી છે.

# સચિવાલયમાં ફાયર સેફટીની દરકાર પરંતુ આમ જનતા ભલે બળી મરે...!!



દેશભરમાં છેલ્લા કેલાક વર્ષોમાં મોટા સંકુલો કે કચેરીઓમાં આગ લાગવાની દુર્ઘટનાઓ નોંધપાત્ર સંખ્યામાં સર્જાવા પામી છે. ગત વર્ષે સુરતમાં લાગેલી ખાનગી ટયુશન કલાસીસની આગ અને તાજેતરમાં અમદાવાદમાં શ્રેય હોસ્પિટલના આઈસીયુમાં લાગેલી આગની કરૂણાંતિકાએ ફાયર સેફટીની પોલ ખોલી નાંખી છે. હવે સરકારી કચેરીઓ અને સચિવાલય સંકુલમાં પણ ફાયર સેફટી અંગે સાવચેતી વધવા પામી છે. અત્યારે નવા સચિવાલય ખાતે વિવિધ બ્લોકમાં ફાયર સેફટીના સાધનની મરામત-ચેકીંગ તથા રિન્યુ વગેરેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી જોવા મળી છે ત્યારે મુલાકાતીઓના મનમાં સવાલ ખડાં થઈ રહ્યા છે કે જયાં આમ જનતા પર બળી મરવાનું જોખમ તોળાઈ રહ્યું છે તેવી રહેણાંક બિલ્ડીંગો, કોમર્શિયલ સંકુલો, શાળાઓ, કોલેજો, હોસ્પિટલ, શોપીંગ સેન્ટરો વગેરેમાં આટલી તકેદારી લેવાનું તંત્ર કયારે શરૂ કરશે? કે પછી હજુ પણ તેમને તેમની કિસ્મતના આધારે જ છોડી દેવાશે?



આપણામાં એક કહેવત પ્રચિલત છે કે 'ઊંટે કાઢયા ઢેકાં તો માણસે બનાવ્યા કાઠાં'. મતલબ કે કોઈ પણ પરિસ્થિતિ બદલાય તો પણ માનવી તેમાંથી કેવી રીતે રસ્તો કાઢી લેવો તેનો ઉપાય શોધી જ લે છે. અત્યારે કોરોના મહામારી ચાલી રહી છે જેના કારણે ઘણા સમયથી સમૂહમાં ચાલતી ભજન-કિર્તન પ્રવૃત્તિ સદંતર બંધ થઈ જવા પામી હતી પરંતુ હવે તે 'સોશ્યલ ડિસ્ટન્સ' સાથે ફરીથી કાર્યાન્વિત થઈ રહી છે. વાવોલના સિધ્ધાર્થ સ્ટેટસ ખાતે રહેતા હાર્દિક મયંકભાઈ ભટ્ટ નામના શ્રધ્ધાળુના નિવાસસ્થાને માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ સાથે 'આનંદનો ગરબો' યોજાયો હતો.

# રવિવારે પ્રકૃતિ વંદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર ગ્રીન સીટી તરીકે ઓળખાતું પરંતુ હાલ આ ઓળખ કોરાણે મુકાઈ ગઈ છે. પર્યાવરણન જતન બાબતે નગરજનો સજાગ થાય અને હિન્દુ જીવન પધ્ધતિમાં જયારે જીવનદાયી પ્રકૃતિ માતાની પૂજા અને જતન એ ધર્મ અને કર્તવ્યના રૂપમાં સ્વીકારાયું છે ત્યારે આ ભાવને સામૂહિક રીતે પ્રગટ કરવા હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન તથા પર્યાવરણ સંરક્ષણ ગતિવિધિ દ્વારા વિશ્વ વ્યાપી મહાકાર્યક્રમ યોજાશે.

તા. ૩૦ ઓગસ્ટના રોજ સવારે ૧૦ થી ૧૧ દરમિયાન યોજાનાર કાર્યક્રમમાં પ્રકૃતિ વંદનની પ્રક્રિયા પૂર્ણ કરાશે. જેમાં ૩ વખત ઓમકારનો ઉચ્ચાર, વૃક્ષને તિલક અને અક્ષત ચડાવવા, રક્ષાસૂત્ર બાંધવું, જળ સમર્પિત કરવું, પ્રતિદિન જળ ચડાવવાનો સંકલ્પ કરવો, દીપ પ્રગટાવવો, આરતી કરવા સાથે વૃક્ષની પાંચ વાર પરિક્રમા કરવાનો સમાવેશ થાય છે.

# ગાંધીનગર ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ સંસ્થાનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૫
સ્વદેશી અને રાષ્ટ્રવાદી વિચારધારા સાથે જોડાયેલી ઈન્ડિયન લાયન્સ કલબ ગાંધીનગર ખાતેના ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા તા. ૨૧ ઓગસ્ટના રોજ શપથવિધિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્થાના વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રમુખ તરીકે ફરી એકવાર ઈ.લા. રાધેશ્યામભાઈ યાદવની વરણી કરવામાં આવી. આ ઉપરાંત સેક્રેટરી તરીકે મનિષાબેન ગોહેલની વરણી કરવામાં આવી. સંપૂર્ણ ટીમને ઈન્ડિયન લાયન્સ નેશનલ વાઈસ ચેરમેન ઈ.લા. અક્ષયભાઈ ઠકકર દ્વારા શપથવિધિ કરાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું.

આ શપથવિધિ સમારોહમાં મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, ઈન્ડિયન લાયન્સ નેશનલના ચેરપર્સન ઈ.લા. આશાબેન પંડયા, ઈન્ડિયન લાયનના ચીફ પેટ્રોન ઈ.લા. હિતેષભાઈ પંડયા તથા અક્ષયભાઈ ઠકકરએ ખાસ હાજરી આપી હતી. આ ઉપરાંત ઈન્ડિયન લાયન્સ કલબના નેશનલ જોઈન્ટ સેક્રેટરી ઈ.લા. રશ્મિબેન ગોંડલિયા, નેશનલ ઓફિસ સેક્રેટરી મૌલિક આસોડિયા, નેશનલ ઓર્ગેનાઈઝર હેમરાજભાઈ રાણા અને નોર્થ સેકટરના કો ઓર્ડીનેટર ઈ.લા. શિલ્પાબેન દેસાઈ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર શપથવિધિ કાર્યક્રમનું સંચાલન ઈ.લા. ભરતભાઈ દેસાઈ અને ઈ.લા. સંજીવભાઈ યાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સે-૨૧ એમએલએ કવાટર્સમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી આતંક મચાવી રહી છે. શહેરના સેકટરમાં ઘર પાસે પાર્ક કરેલા વાહનો ગણતરીની મિનીટોમાં ચોરી કરી ચોર ઈસમો પલાયન થઈ જાય છે. તો બીજીતરફ ભીડભાડ વાળા સેકટર-૨૪ તેમજ સેકટર-૧૧ માંથી બિન્દાસ્ત બાઈક ચોરીને લઈ જતા ચોર શખ્સ સીસીટીવીમાં કેદ થયા છે. ત્યારે સેકટર-૨૧ પોલીસ મથકની સામે આવેલા ધારાસભ્યના નિવાસસ્થાનમાંથી બાઈકની ચોરી થવા પામી છે. ત્યારે ધારાસભ્ય નિવાસસ્થાન વિસ્તારમાં એકપણ સ્થળ પર સીસીટીવી કેમેરા ન હોવાથી પોલીસ માટે પણ બાઈક ચોરને પકડવા માટે કપરૂ સાબિત થઈ શકે છે.

રાજયના પાટનગરમાં જ છેલ્લા કેટલાક સમયથી વાહનચોર હાહાકાર મચાવી રહ્યા છે. શહેરમાં રાત્રી પેટ્રોલીંગ વચ્ચે પણ બિન્દાસ્ત ચોર ઈસમો વાહનચોરીને અંજામ આપી રહ્યા છે. વાહનચોર ટોળકીનો પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. નગરજનોને સલામત પાટનગરમાં જ વાહનોની અસલામતી ઉભી થઈ હોય તેમ લાગી રહ્યું છે. સેકટરના રહેણાંક કે ભરચક વિસ્તારમાંથી ગણતરીના સમયમાં બાઈકની ઉઠાંતરી થઈ જાય છે. શહેરમાં ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગે છે. સેકટર-૨૧ પોલીસ મથકની સામે આવેલા ધારાસભ્યના નિવાસસ્થાનમાંથી બાઈક ચોરીની ઘટના સામે આવી છે. મુળ કલોલના હિંમ્મતપુરા (વેડા) ના રહેવાસી રાજેન્દ્રભાઈ ખુમાભાઈ ચૌધરી બ્લોક નં.૩-૫ ખાતે એમએલએ કવાટર્સ ખાતે રહે છે. રાજેન્દ્રભાઈ બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. લોકડાઉન દરમિયાન તેમના દિકરાનો મિત્ર અર્જુન રામાણી તેમના ઘરે આવ્યો હતો. જે એક મહિનો રોકાયા પછી પોતાનું બાઈક મુકીને સુરત ગયો હતો. તા.૨૩ ઓગસ્ટના રોજ સાંજના સાડાસાત વાગ્યા સુધી ફરીયાદીનો દિકરો હર્ષ બહાર નીકળ્યો હતો ત્યારે મિત્રનું જી.જે.૦૫.એચ.ડી.-૨૯૩૭ નંબરનું સીબીઝેડ બાઈક ગુમ હતું. જે તેણે છેલ્લે તા.૨૧ ઓગસ્ટના રોજ સવારે બાઈક જોયું હતું. થોડા સમય આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરવા છતા બાઈક નહી મળી આવતા આખરે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. સે-૨૧ પોલીસે રૂ.૩૦ હજારની કિંમતના બાઈકની ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# જય અંબે પરિવાર પદયાત્રાના વિકલ્પે માતાજીના પૂજા પાઠ દરરોજ કરે છે





ગાંધીનગર, તા.૨૫
ઘણા વર્ષોથી માં અંબાના ભકતો ભાદરવા મહિનામાં માતાજીના દર્શને પગપાળા જતા હોય છે. ગાંધીનગરના નગરજનો ઉપરાંત ગામેગામથી શહેરના રસ્તા પરથી જ પદયાત્રા નીકળે છે અને દસ દિવસ સુધી શહેરના રસ્તા પર જ આનંદ અને ઉત્સાહ સાથે પગપાળા અંબાજી જતા પદયાત્રીઓના મુખે જય અંબેનો નાદ સંભળાય છે. પરંતુ આ વર્ષો કોરોના મહામારીને કારણે યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો રદ કરવા સાથે મંદિરને પણ દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ૩૦૦ વર્ષની પદયાત્રાની પરંપરા આ વર્ષે તૂટશે ત્યારે છેલ્લા ૩૧ વર્ષથી ગાંધીનગરથી અંબાજી સુધીની પદયાત્રાનું આયોજન કરનાર જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ કોરોનાની મહામારીને કારણે પદયાત્રા મોકુફ રખાઈ છે. પરંતુ પાછલા ૩૧ વર્ષની પદયાત્રા સ્વરૂપે કરવામાં આવતી પરમ તત્વની આ આરાધનાને આ વર્ષે પદયાત્રાને બદલે શાસ્ત્રીજી દ્વારા દરરોજ સવાર સાંજ માતાજીની મહાપૂજા, ચંડીપાઠ, થાળ અર્પણ તથા આરતી દ્વારા પૂર્ણ કરવામાં આવી રહી છે. આ પૂજામાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરતા આઠથી દસ સભ્યો જોડાય છે. દરરોજ થતી પૂજા અને આરતીનો વિડીયો અને માતાજીના ફોટા દરરોજ પરિવારના વોટસએપ ગૃપમાં મુકવામાં આવે છે. આ શુભ કાર્યથી તમામ ભકતો માતાજીના દરરોજ દર્શન કરી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. સુરેન્દ્રભાઈ રમણીકલાલ શેઠ, ઉ.વ. ૬૩, કુડાસણ, તા. ગાંધીનગર
- સ્વ. પ્રભાશંકર અમૃતલાલ જોષી, ઉ.વ. ૬૦, સેકટર-૪, ગાંધીનગર